# ધોરણ - ૧૦

# વિષય – ગુજરાતી

# સ્વાધ્યાય

## પાઠ – ૨૦

## વિરલ વિભૂતિ

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



વિદ્યાર્થીનું નામ :

શાળાનું નામ :





Page No.
DATE: / /

# 20. વિરલ વિભૂતિ

લેખક : આત્માચિત અપૂર્વેશ
પ્રકાર :- ચરિત્રનિબંધ

## શબ્દસમજૂતી

જિજ્ઞાસા - ભણવાની ઈચ્છા
અનુજ્ઞા - પરવાનગી
મનોમંથન - મનમાં ચાલતું મંથન
આધ્યાત્મિક - આત્મા કે આત્મતત્વ સંબંધી
કરામો - યુક્તિ, હિકમત / મનસૂબો
પારદર્શિતા - વસ્તુ કે બનાવને સમગ્ર રીતે જોવાની શક્તિ
અનાસક્ત - આસક્ત નહિ એવું
શતાવધાની - એકીસાથે સો વાતો પર ધ્યાન આપનાર કે સાંભળીને યાદ રાખનાર
યુગપ્રવર્તક - યુગ પ્રવર્તાવનાર, યુગ બદલનાર
રતલ - લગભગ ૫૧૦ ગ્રામ
સંગ્રહણી - સંઘરણીનો, ઝાડાનો રોગ
સમાણ - સ્મશાન
ચિંતન - મનન
પવન - સમીર
નિત્ય - કાયમી

## વિરુદ્ધાર્થી શબ્દો

સતેજ x નિસ્તેજ
અપકાર x ઉપકાર
નિવૃત્ત x પ્રવૃત્ત

## રૂઢિપ્રયોગ

ચકિત થઈ જવું - આશ્ચર્ય પામવું

## શબ્દસમૂહ માટે એક શબ્દ

મામાનું ઘર - મોસાળ
એકસાથે સો વસ્તુઓ યાદ રાખવાની શક્તિ - શતાવધાની શક્તિ

## સ્વાધ્યાય

1. 1) મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક કોણ હતા?
→ શ્રીમદ્ રાજચંદ્ર

2) મનુષ્યદેહ શાના જેવો છે?
→ હીરા

3) શ્રીમદ્ રાજચંદ્રે લખેલો તત્ત્વજ્ઞાનથી ભરપૂર ચિંતનગ્રંથ કયો છે?
→ મોક્ષમાળા

2. 1) શતાવધાની શક્તિ એટલે શું?
→ શતાવધાની શક્તિ એટલે એકસાથે સો વસ્તુઓ, ભૂલ વિના, ક્રમમાં યાદ રાખવાની શક્તિ.

2) મનુષ્ય આત્મા શાના જેવો છે?
→ મનુષ્યનો આત્મા મૂલ્યવાન હીરા જેવો છે.

3. 1) શ્રીમદ્ રાજચંદ્રની સ્મરણશક્તિ અસાધારણ હતી એમ શા પરથી કહેશો?
શ્રીમદ્ રાજચંદ્રની બુદ્ધિ તેજ હોવાને કારણે તેઓ જે વાંચતા, ભણતા, ભણાવતા તે બધું તેમને આપોઆપ યાદ રહી જતું. સામાન્ય વિદ્યાર્થીને સાત ચોપડીનું શિક્ષણ પૂરું કરતાં સાત વર્ષ લાગે એ તેમણે માત્ર બે જ વર્ષમાં પૂરું કરી નાખ્યું હતું. આ પરથી કહી શકાય કે, શ્રીમદ્ રાજચંદ્રની સ્મરણશક્તિ અસાધારણ હતી.

Page No.
DATE: / /

2) શ્રીમદ્ રાજચંદ્રની જીવદયા અને કરુણા કયા પ્રસંગમાંથી પ્રગટ થાય છે?

શ્રીમદ્ નાના હતા ત્યારે દેવમાએ તેમને શાક સમારવા આપ્યું. શાક સુધારવા જતાં તેમણે લીલા શાકભાજીમાં રહેલા જીવો જોયા. આ જોઈ તેમની આંખો ભરાઈ આવી. તેમનામાં જીવદયા અને કરુણા હતાં એ આ પ્રસંગમાંથી પ્રગટ થાય છે.

3) કયા પ્રસંગથી ગાંધીજી આશ્ચર્યચકિત થઈ ગયા?

શ્રીમદ્‌ના કાકાજી સસરા ડૉ. મહેતાએ ગાંધીજીને શ્રીમદ્‌નો જ્ઞાની અને શતાવધાની તરીકે પરિચય કરાવ્યો. ગાંધીજીએ તેમનું પારખું કરવા માટે જુદી જુદી ભાષાના કેટલાક શબ્દો લખ્યા અને એ શબ્દો તેમણે શ્રીમદ્‌ને વાંચી સંભળાવ્યા. આ પછી શ્રીમદ્ સહજ રીતે, એક પછી એક, બધા શબ્દો ગાંધીજીએ જે ક્રમમાં લખ્યા હતા. તે ક્રમમાં કહી સંભળાવ્યા। ત્યારે ગાંધીજી એમની શતાવધાની શક્તિથી આશ્ચર્યચકિત થઈ ગયાં.

4) ગાંધીજીનો શ્રીમદ્ સાથેનો આધ્યાત્મિક સંબંધ જણાવો.

ગાંધીજીનો શ્રીમદ્ સાથેનો આધ્યાત્મિક સંબંધ ઊંડો હતો. શ્રીમદ્‌ની સ્મરણશક્તિ, બહોળું શાસ્ત્રજ્ઞાન અને શુદ્ધ ચરિત્રથી ગાંધીજી એવા પ્રભાવિત થયા કે તેઓ તેમના અનુરાગી બની ગયા. ગાંધીજીએ સ્વીકાર્યું હતું કે તેમણે સૌથી વધારે શ્રીમદ્‌ના જીવનમાંથી ગ્રહણ કર્યું છે. ગાંધીજીને અધ્યાત્મ અને ધર્મસંબંધી કોઈ મૂંઝવણ હોય તો તેઓ તેમની પાસે રજૂ કરતા, તેમને પ્રશ્નો પણ પૂછતા. આ બાબતમાં ગાંધીજીને શ્રીમદ્‌જી પાસેથી યોગ્ય સમાધાન અને માર્ગદર્શન પણ પ્રાપ્ત થતું. શ્રીમદ્‌જીની પ્રેરણાથી જ ગાંધીજીમાં સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અભય વગેરે ગુણો વિકાસ પામ્યા હતા અને દૃઢ થયા હતા. ગાંધીજીએ શ્રીમદ્‌જીના 'શ્રી આત્મસિદ્ધિ' શાસ્ત્રનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું હતું. શ્રીમદ્‌લિખિત કાવ્ય 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' 'આશ્રમ ભજનાવલિ' માં સ્થાન પામ્યું છે. આ દૃષ્ટિએ જોતાં એમ કહી શકાય કે, ગાંધીજીનો શ્રીમદ્‌જી સાથેનો આધ્યાત્મિક સંબંધ ઊંડો તો હતો જ પણ બંને એકબીજા સાથે અંતરંગથી જોડાયેલા હતા.

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર   ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લિકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION